# મગફળીની આગ... બેદરકારી કે કૌભાંડ

### છેલ્લા દોઢ-બે મહિનામાં મગફળીના ચાર ગોડાઉનમાં આગ : ગોંડલ, જામનગર, ગાંધીધામ અને રાજકોટની આગમાં ૧૦૦ કરોડની મગફળી સ્વાહા : પારદર્શક તપાસના ખોખલા નિવેદનો

ગાંધીનગર, તા. ૮

મગફળીના ગોડાઉનોમાં આગ લાગવાના સમાચારો હમણાં હમણાં ખુબ વધી ગયા છે. એકાદ-બે વખત તો વાતને દબાવી દેવાઈ પરંતુ હવે જ્યારે જ્યારે ચાર-ચાર ગોડાઉનોમાં કોઈ કારણ વગર અચાનક જ આગ ફાટી નીકળી ત્યારે તેમાં કોઈ વ્યવસ્થિત ષડયંત્ર હોય તેવુ

**સમયસર**

લાગી રહ્યું છે. તંત્ર દ્વારા આચરેલા કરોડોના કૌભાંડને દબાવી દેવા માટે જાણી જોઈને આગ લગાડાઈ હોવાની તપાસ થવી જોઈએ.

ભ્રષ્ટાચારનુ ઝેર સરકારી તંત્રમાં રગેરગમાં ફેલાયુ છે. છેક મોટા માથા સુધી ભ્રષ્ટાચારના ભોરીંગે અડીંગો જમાવ્યો છે ત્યાં નાના માણસોની તો શુ વિસાત. કરોડપતિ-અબજપતિ રાજકારણીઓ અને સરકારી બાબુઓ હજુ વધુને વધુ રૂપિયા ઘર ભેગા કરવામાં જ લાગ્યા છે. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદેલી મગફળીમાં જે કૌભાંડ થયુ તે બહાર ન આવે તે માટે વ્યવસ્થિત રીતે ષડયંત્ર કરી મગફળીના ગોડાઉનોમાં આગ લગાવવામાં આવી રહી હોવાનુ સામે આવી રહ્યું છે.

ગયા વર્ષે મગફળીનુ ઉત્પાદન ખુબ થતા સરકારે ખેડૂતોને રાહત આપતા કરોડો રૂપિયાની મગફળી ટેકાના ભાવે ખરીદી હતી. મગફળીની ખરીદી બાદ તેને સરકારી અને ભાડે રખાયેલા ખાનગી ગોડાઉનોમાં ભરી દેવામાં આવી. સૌરાષ્ટ્રના છ ગોડાઉન પૈકી ચાર ગોડાઉનમાં છેલ્લા દોઢ-બે માસમાં જ આગ ભભૂકી ઉઠી છે. ગોંડલના ગોડાઉનમાં લાગેલી આગ બાદ હવે રાજકોટના ગોડાઉનમાં આગ લાગી છે. જે હજુ સુધી ઓલવી શકાઈ નથી. એક અહેવાલ મુજબ છેલ્લા દોઢ બે માસમાં લાગેલી આ આગમાં ૧૦૦ કરોડની મગફળી સ્વાહા થઈ ગઈ છે. ગોડાઉનમાં આગ લાગે તેવા કોઈ સંજોગો ન હોવા છતાં જે રીતે આગ લાગી છે તેની પાછળ મોટુ ષડયંત્ર હોવાની વાતને નકારી શકાતી નથી. મગફળીની ખરીદીમાં મોટા પાયે ગેરરીતી થઈ હોવાની વાત ઘણા સમય પહેલા જાણવા મળી હતી. હવે સરકારી તંત્ર અને રાજકીય આગેવાનોની મીલીભગતથી થયેલુ આ કૌભાંડ બહાર ન આવે તે માટે ગોડાઉનમાં આગ લગાવવામાં આવી હતી કે કેમ તે તપાસ બાદ બહાર આવી શકે છે.

જો કે તપાસમાં પણ નિષ્પક્ષતા જરૂરી છે. કૌભાંડમાં સંડોવાયેલા સરકારી બાબુઓ અને રાજકીય આગેવાનો સમગ્ર બાબત પર પડદો પાડવાના પ્રયાસો ચોક્કસ કરશે. તપાસને ઢીલી મુકવા માટે પણ કરોડો રૂપિયાની રેલમછેલ કરાશે પરંતુ જો સરકાર ખરેખર ઈચ્છતી હોય કે મગફળીની ખરીદીમાં થયેલુ કૌભાંડ બહાર આવે તો તપાસ કરી રહેલા અધિકારીઓ પર કોઈપણ પ્રકારનુ રાજકીય દબાણ લાવ્યા વગર નિષ્પક્ષ તપાસ કરવા દેવી જોઈએ અને સત્ય બહાર લાવવુ જોઈએ... નહી તો ભ્રષ્ટાચારને નાથવાના દાવા પોકળ સાબિત થશે.



ગ્રીષ્મના ફળ - પ્રત્યેક ઋતુમાં અલગ-અલગ ફળની ભેટ માનવજાતને મળેલ છે... ગ્રીષ્મામાં ફાલસા, રાયણ અને જાંબુ જેવા નાના પણ મીઠા ફળના અનોખા સ્વાદ પૂરા પાડે છે... આરોગ્યની દષ્ટિએ ખૂબ જ ઉપયોગી અને ગરમીમાં રાહત આપનારા નાના ફળો શહેરના માર્ગો પર અનેક સ્થાનોએ ગોઠવાયા છે...

# આવતીકાલે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ

### જિલ્લાના ૬ હજાર વિદ્યાર્થીઓના ભાવિનો ફેંસલો : ગુજકેટનુ પણ સાથે જ પરિણામ જાહેર થશે : માર્કશીટ પણ આપી દેવાશે : વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પ્રબળ ઉત્તેજના

ગાંધીનગર તા ૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૧૦ મેં નારોજ ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનુ પરીણામ જાહેર કરવામાં આવશે. બોર્ડ દ્વારા સવારે ૯ કલાકે આ પરિણામ વેબસાઈટ પર મુકી દેવાશે. ગુજકેટનુ પણ સાથે જ પરિણામ જાહેર કરી દેવાશે. જયારે શાળા કક્ષાએથી જ માર્કશીટ પણ આપી દેવાશે. ગાંધીનગર જિલ્લાના ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ પણ પરિણામની વાટે છે. ત્યારે બોર્ડ દ્વારા ઝડપી પરિણામ જાહેર કરવાની જાહેરાત થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ઉત્તેજના પ્રબળ બની છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને અનુલક્ષી બોર્ડ દ્વારા તા ૧૦ મેં ના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. વિજ્ઞાન પ્રવાહ તેમજ ગુજકેટનુ પરિણામ સાથે જાહેર કરાશે તા ૧૦ મેં ના રોજ સવારે ૯ કલાકે બોર્ડની વેબસાઈટ પર પરિણામ મુકવામાં આવશે. પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓને માર્કશીટ પણ શાળાકક્ષાએથી મળી રહેશે. બોર્ડ દ્વારા પરિણામની તારીખ જાહેર કરી દેવાતા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓમાં ઉત્તેજના પ્રબળ બની છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. જયારે પરીણામની જાહેરાતના અંતે વાલીઓ અને વિદ્યાર્થીઓની આતુરતાનો અંતે આવી ગયો છે. પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ હવે વધુ ઉત્સાહી છે. બોર્ડ દ્વારા અગાઉ સી સી ટી વી કેમેરાના ફુટેજના આધારે ચોરી અને કોપી કેસના કીસ્સાઓનુ નિરિક્ષણ પણ કરી દેવાયુ છે. જો કે ગાંધીનગર જિલ્લામાં પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે મુજબ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે બાર્ડ પરીક્ષા દરમિયાન શહેરી વિસ્તારમાં એક પણ કોપી કેસ પણ નોંધાયો ન હતો. પરિણામની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓની ઈન્તેજારીનો અંત આવી ગયો છે. વિજ્ઞાન પ્રવાહની સાથે ગુજકેટનુ પણ પરિણામ જાહેર થવાનુ હોવાથી વિદ્યાર્થીઓને સંપુર્ણ હાંશકારો થઈ જશે.

### ૧૦ થી ઓછુ હિમોગ્લોબીન ધરાવતી

# ૧૦૦ સગર્ભા માતાઓને આયુર્વેદ દવાથી રક્ષિત કરાશે

### જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિની બેઠકમાં નિર્ણય લેવાયો : આરોગ્ય કેન્દ્રોની મરામત માટે ૪૦ લાખની ગ્રાન્ટ છુટી કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૧૦ થી ઓછુ હિમોગ્લોબીન ધરાવતી ૧૦૦ સગર્ભા માતાઓને આયુર્વેદ દવાઓથી રક્ષિત કરી અને નોર્મલ બનાવવામાં આવશે.

આજે જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિએ આ પ્રોજેક્ટને બહાલી આપી છે. ચેરમેન આશાબા રાઠોડના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં આ યોજના અંગે ચર્ચાઓ કરી અને બહાલી આપવામાં આવી હતી.

આ આખીય યોજનાનો ખર્ચ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી કરવામાં આવશે. આ માટે રૂ. ૧ લાખ ૫૫ હજાર જેટલો ખર્ચ થવાનો હાલ અંદાજ મુકવામાં આવ્યો છે.

જિલ્લામાં ૫૦ ટકા સગર્ભા માતાઓનું હિમોગ્લોબીન ૧૦ ટકાથી પણ ઓછુ જણાયુ હોવાનું આરોગ્યતંત્રના અહેવાલમાં જણાયુ છે જે ઉલ્લેખનીય છે.

સગર્ભા માતાઓ કે જેમનુ હિમોગ્લોબીન ૧૦ થી ઓછુ હોય તેવી માતાઓને રક્ષિત કરવા માટે એક ખાસ યોજના તૈયાર કરવા અંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખીને રજુઆત કરી હતી જે ઉલ્લેખનીય છે.

આજની જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની બેઠકમાં જે પીએચસીનુ રિસ્ટ્રક્ચરીંગ અગાઉની બેઠકમાં નામંજૂર કરાયુ હતુ તે અંગે સુધારા-વધારા સાથેની આજે રજુ થયેલી દરખાસ્તને પણ બહાલી આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના બજેટમાં આરોગ્ય કેન્દ્રોની મરામત માટે ફાળવવામાં આવેલી રકમ પૈકીની રૂ. ૪૦ લાખની રકમ તાત્કાલિક જે કેન્દ્રોમાં મરામતની જરૂર છે ત્યાં કામ શરૂ કરવા માટેની મંજૂરી આપી આ રકમ છુટી કરવામાં આવી છે.

# પ્રધાનમંત્રી વીમા અને જીવન જયોતિ યોજના માટે સંયુક્ત ઝુંબેશ ઉપાડાશે

ગાંધીનગર, તા. ૮

પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાની લક્ષ્યાંક સિદ્ધિ માટે ગુજરાત સરકારે નવો રોડ મેપ તૈયાર કર્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં આ ફલેગશીપ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે અને લક્ષ્યાંક સિદ્ધિ માટે આગામી દિવસોમાં બેંકો, ભારતીય જીવન વિમા નિગમ તેમજ પંચાયત વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

આ માટે તાજેતરમાં સ્ટેટલેવલ બેંકર્સ કમિટીની એક બેઠક નાણાં વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં

### પ્રધાનમંત્રી કાર્યાલયે ગુજરાતના નબળા દેખાવને લઈ નારાજગી વ્યક્ત કરતાં નાણાં વિભાગ હરકતમાં

યોજાઈ હતી. જેમાં ગ્રામીણ વિસ્તારમાં રહેલા નબળા પરિણામો અંગે ચિંતા વ્યકત કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રજોગ પ્રવચનમાં આ યોજનાઓ જાહેર કરી હતી પરંતુ રાજ્યમાં ખાસ કરીને વિમા યોજનાઓને નબળો પ્રતિસાદ મળ્યો છે.

અગાઉના વર્ષોમાં નિયત કરાયેલ લક્ષ્યાંક સિદ્ધિ પ્રાપ્ત થઈ શકી ન હોવાની વાતની ગંભીર નોંધ લઈ આ માટે સંયુક્ત રીતે અભિયાન છેડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે ગ્રામીણ સ્તરે તલાટીઓને સાંકળી અને

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૬ ગ્રીનસીટીમાં નર્મદાના પાણીનો વાણિજય સંકુલમાં સપ્લાય : રહીશોને ઠેંગો

### આકરી ગરમીમાં સ્થાનિકોને પાણી મળતુ નથી અને વાણિજય સંકુલોમાં મફતમાં પાણી સપ્લાય કરવામાં આવે છે : રહીશો ઉગ્ર લડત આપશે

ગાંધીનગર તા ૮

સે-૨૬ સ્થિત ગ્રીનસીટી સોસાયટીમાં નર્મદાનુ પાણી મળતુ નથી અને ગેઝિયા અને જી આઈ ડી સી ની મીલીભગતથી કોર્મશિયલ સંકુલોમાં ગેરકાયદેસર રીતે પાણી સપ્લાય કરવામાં આવે છે. આ મામલે સ્થાનિકો આગ બબુલા બન્યા છે. ટુંકમાં જ આ સ્થિતિનુ નિવારણ નહીં આવે તો માટલા સરઘસ , રેલી અને ધરણા કરી લડત અપાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સે-૨૬ ગ્રીનસીટીમાં નર્મદાનો પાણી પુરવઠો આપવામાં આવે છે. પરંતુ જી આઈ ડી સી અને ગેઝિયાની મીલીભગતના લીધે પાણીનો સપ્લાય માત્ર વાણિજય સંકુલોને આપવામાં આવે છે. જયારે સે-૨૫ અને સે-૨૬ માં રહીશોને માળખાગત સુવિધાઓ માટે વલખા મારવા પડે છે. પાણી રસ્તા સફાઈ તેમજ સ્ટ્રીટ લાઈટની જાળવણીના નામે મીંડુ છે. જયારે નર્મદાના પાણીનો સપ્લાય પણ ગેઝિયા અને જી આઈ ડી સી ના અધિકારીઓની મીલીભગતથી વાણિજય સંકુલોને આપવામાં આવે છે. ગ્રીનસીટીની લાઈનમાંથી આ પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. સે-૨૬ ન્યુ ગ્રીન સીટી વસાહત મંડળના પ્રમુખ સુનિલ શાહે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ વાણિજય સંકુલોમાં ૨૪ થી ૪૫ એમ એમની લાઈનો નાંખી ગેરકાયદેસર જોડાણો આપી ગ્રીનસીટીમાંથી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે વાણિજય સંકુલો પાસેથી કોઈ બીલની વસુલાત વિના વિનામુલ્યે પાણી સપ્લાય કરવામાં આવે છે. બીજીતરફ ગ્રીનસીટીમાં પાણીની અછત વર્તાય છે. આ વિસ્તારમાં પાણીના ગેરકાયદેસર જોડાણો દુર કરવામાં નહી આવે તો ગ્રીનસીટીના રહીશો માટલા સરઘસ કાઢશે જયારે રેલી સ્વરૂપે ગેઝિયા કચેરી પહોંચશે. જી આઈ ડી સી ની વડી કચેરી ઉદ્યોગભવન ખાતે પણ રજુઆત કરવામાં આવશે. સમસ્યાનો હલ નહી આવે તો ધરણા કરી લડત આપવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

# એક દાયકાના અંતે સે-૧નુ તળાવ મનપાના હવાલે

### તળાવ વિકાસની યોજના હજુ સાકાર થઇ નથી : તળાવના તળિયાની તરસ છીપાવવા હવે ટુંકમાં આયોજન થશે



ગાંધીનગર તા ૮

શહેરના સે-૧ ના તળાવનો પ્રોજેકટ વર્ષોના અંતે પણ મૃતપાય હાલતમાં છે. સે-૧ ના તળાવ વિકાસની યોજનાને એક દાયકાના અંતે પણ અંજામ આપી શકાયો નથી. તળાવ વિકાસની આ યોજના અન્વયે અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. તળાવના તળિયામાં પાણી ટકતુ નથી.જયારે સહેલાણીઆને અનુલક્ષી નિર્માણ કરાયેલી દુકાનો પણ બંધ હાલતમાં છે. તળાવનો હવાલો હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યો છે. જયારે ટુંક સમયમાં જ તળાવને પીકનિક સ્પોટ બનાવવા માટે કોઈ નવતર આયોજન કરવામાં આવશે તેમ પણ મનાઈ રહયુ છે.

શહેરના સે-૧ માં તળાવ વિકાસની યોજનાનુ કામ અંદાજિત એક દાયકાથી વધુ સમય પુર્વે હાથ ધરાયુ હતુ. આ વિસ્તારમાં તળાવ ઉપરાંત સ્લોપીંગ ગાર્ડન તેમજ ફુડકોર્ટને અનુલક્ષી દુકાનો પણ

● અનુસંધાન પાન-૭ પર

# ડેપો સંકુલની સફાઈ માટે નવુ સ્કબર મશીન કામે લગાડાયુ

ગાંધીનગર તા ૮

ગાંધીનગર એસ ટી ડેપોમાં સફાઈ માટે નવુ સ્કબર મશીન ઉપયોગમાં લેવાયુ છે. ડેપો સંકુલમાં સફાઈની જવાબદારી ખાનગી એજન્સીને સોંપી દેવામાં આવી છે. જયારે ડેપોની યોગ્ય સફાઈ માટે આ મશીનનો ઉપયોગ શરૂ કરી દેવાયો છે.

ગાંધીનગર એસ ટી બસ ડેપોને સ્વચ્છ રાખવા માટે ધુમ્રપાન કરતા મુસાફરો પાસેથી દંડ વસુલવામાં આવે છે. જયારે જાહેરમા ગંદકી કરતા મુસાફરોની પાસેથી દંડ વસુલી કરી ડેપો સંકુલમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ખાનગી એજન્સીને પણ સફાઈનુ કામ સોપંવામાં આવ્યુ છે.

ડેપો સંકુલને મુસાફરોલક્ષી સુવિધાઓથી સજ્જ કરવા માટે હજુ સુધી કોઈ અસરકારક પગલા લેવાયા નથી. જયારે મોડેલ ડેપો બનાવાની યોજના પણ અધ્ધરતાલ છે. બીજીતરફ ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીનો મુદ્દો પણ રામભરોસે છે. ત્યારે ડેપો સંકુલને સ્વચ્છ અને સુંદર રાખવા માટે ડેપો કક્ષાએથી ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવ્યુ છે. આવા સંજોગોમાં એજન્સી દ્વારા પણ ડેપો સંકુલની સફાઈ માટે સ્કબર મશીન મુકવામાં આવ્યા છે. હાલ ડેપો સંકુલની સફાઈ માટે એક મશીન પ્રાયોગિક ધોરણ કામ શરૂ કરી દેવાયુ છે. ડેપો સંકુલને ચકાચક રાખવા માટે સ્કબર મશીન ઉપયોગી નિવડશે તેમ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે. જયારે આગામી દિવસોમાં વધુ મશીન મુકવામાં આવશે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com